# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) કચ્છના દૂરના વિસ્તારોને જોડતી નવી રેલ લાઇનને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી
2) કોમનવેલ્થ ગેમ્સ 2030 માટેની બોલી રજૂ કરવાના પ્રસ્તાવને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી - બિડ સ્વીકારાય તો ગુજરાત સરકારને અનુદાન મળશે
3) રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી અંતર્ગત તમામ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે
4) રાજ્ય સહિત દેશભરમાં આજથી ભક્તિભાવપૂર્વક ગણેશ મહોત્સવનો પ્રારંભ
5) દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ આવતીકાલે ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# KUTCH RAILWAY

કેન્દ્રીય મંત્રીમંડળે આજે ગુજરાત, કર્ણાટક, તેલંગાણા, બિહાર અને આસામને લાભ આપતા ત્રણ પ્રોજેક્ટ્સના મલ્ટી-ટ્રેકિંગ અને ગુજરાતના કચ્છના દૂરના વિસ્તારોને જોડવા માટે એક નવી રેલ્વે લાઇનને મંજૂરી આપી છે.

પ્રસ્તાવિત નવી લાઇનનો અંદાજિત ખર્ચ 2 હજાર 5 સો 26 કરોડ રૂપિયા છે. આ પ્રોજેક્ટ 3 વર્ષમાં પૂર્ણ થશે. નવી રેલ્વે લાઇન રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા ઉપરાંત મીઠું, સિમેન્ટ, કોલસો, ક્લિંકર અને બેન્ટોનાઇટના પરિવહનમાં પણ મદદ કરશે.

આ પ્રોજેક્ટમાં ધોળાવીરા , કોટેશ્વર મંદિર , નારાયણ સરોવર અને લખપત કિલ્લાને પણ આવરી લેવામાં આવશે. આ રેલ્વે લાઇનથી , 13 નવા રેલ્વે સ્ટેશન ઉમેરવામાં આવશે જેનો લાભ 866 ગામો અને લગભગ 16 લાખ લોકોને મળશે.

. . . . . . . . . . . . . . . .

# Cabinet-Commonwealth Games 2030

કેન્દ્રીય મંત્રીમંડળે આજે યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે બિડ રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મંત્રીમંડળે સંબંધિત મંત્રાલયો, વિભાગો અને સત્તાવાળાઓ પાસેથી જરૂરી ગેરંટી સાથે યજમાન સહકાર કરાર ( HCA) પર હસ્તાક્ષર કરવા અને બિડ સ્વીકારવામાં આવે તો ગુજરાત સરકારને જરૂરી ગ્રાન્ટ-ઇન-એઇડ મંજૂર કરવાની પણ મંજૂરી આપી છે.

કોમનવેલ્થ ગેમ્સમાં 72 દેશોના રમતવીરો ભાગ લેશે. અમદાવાદ એક આદર્શ યજમાન શહેર છે જે વિશ્વ કક્ષાના સ્ટેડિયમ , અત્યાધુનિક તાલીમ સુવિધાઓ અને જીવંત રમતગમત સંસ્કૃતિ પ્રદાન કરે છે. વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, 2023 ICC ક્રિકેટ વર્લ્ડ કપ ફાઇનલનું સફળતાપૂર્વક આયોજન કરીને તેની ક્ષમતા દર્શાવી ચૂક્યું છે. રમતગમત ઉપરાંત, ભારતમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન પ્રવાસનને પ્રોત્સાહન આપવા , રોજગારી પેદા કરવા અને લાખો યુવા રમતવીરોને પ્રેરણા આપવા પર કાયમી અસર છોડશે. આવી વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત ઇવેન્ટ રાષ્ટ્રીય ગૌરવ અને એકતાની ભાવના જગાડશે.

. . . . . . . . .

# GUJARAT SPORTS DAY

રમત જગતના દિગ્ગજ મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ આપતા સમગ્ર દેશમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાશે. રાજ્યમાં પણ 29 થી 31 ઓગસ્ટ દરમિયાન રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરાશે. તે અંતર્ગત રાજ્યમાં વિવિધ રમત-ગમત કાર્યક્રમો યોજાશે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ -- મયુર સોલંકી )**

(રાષ્ટ્રીય રમતગમત દિવસની ત્રણ દિવસીય ઉજવણીના પ્રથમ દિવસે જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન થશે, જેમાં ભાગ લેનારા પ્રતિસ્પર્ધીઓ દ્વારા 'ફિટ ઇન્ડિયા પ્રતિજ્ઞા' લેવામાં આવશે. પ્રથમ દિવસની ઉજવણી દરમિયાન તમામ યુનિવર્સિટીઓ , કોલેજો અને શાળાઓમાં મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવશે. આ દિવસે 'ખેલ મહાકુંભ 2025 ' માટે તમામ જિલ્લાઓમાં નોંધણી પણ શરૂ થશે. બીજા દિવસે તમામ પોલીસ મુખ્ય કાર્યાલય ખાતે રમત-ગમત સ્પર્ધાઓ અને ફિટનેસ પ્રવૃત્તિઓનું આયોજન કરાશે. જ્યારે ત્રીજા અને અંતિમ દિવસે તમામ જિલ્લા મુખ્યાલયો, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં 'સન્ડે ઓન સાયકલ ' કાર્યક્રમનું પણ આયોજન કરાશે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

. . . . . .

# CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ 29 ઓગસ્ટ શુક્રવારે યોજાશે. નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો શુક્રવાર , તારીખ 29 ઓગસ્ટના રોજ સવારે 8 થી 11 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

. . . .

# TARANETAR MELO

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ નજીક આવેલ તરણેતર ગામે યોજાયેલા ભાતીગળ લોકમેળામાં આજે બીજા દિવસે મોટી સંખ્યામાં માનવ મહેરામણ મેળો માણવા ઊમટી પડ્યો. મેળાના સ્ટેજ ઉપર તેમજ મેદાન પર વિવિધ સ્પર્ધાઓ યોજાઇ રહી છે આ અંગેની વધુ માહિતી આપે છે સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ..

(વોઇસ કાસ્ટ : દિનેશ પરમાર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...............

# GANESH UTSAV OVERALL

રાજ્ય સહિત દેશભરમાં આજથી ભક્તિભાવપૂર્વક ગણેશ મહોત્સવનો પ્રારંભ થયો છે. આજે અનેક સ્થળોએ ભક્તો દ્વારા ભગવાન ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી.

પાટણ શહેરના વિવિધ મંદિરોમાં તેમજ પંડાલોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા. પાલિકા બજાર સંકુલના વેપારીઓ અને યુવાનોએ 'રાજમહેલ કા રાજા' ગણપતિ માટે ડીજેના તાલે શોભાયાત્રા કાઢી હતી.

મોરબી ખાતે મહાપાલિકાના કમિશ્નર સ્વપ્નિલ ખરેએ કચેરીના પટાંગણમાં ગણપતિનું સ્થાપન કર્યું હતું. અને અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ગરબા રમ્યા હતા.

ડાંગ જિલ્લામાં ગણેશ ચતુર્થીના પાવન પર્વએ ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે ઠેર ઠેર શ્રીજીની સ્થાપના કરાઇ.

ભાવનગરના શિશુવિહારમાં એક સ્વાતંત્ર સેનાની દ્વારા માટીમાંથી તૈયાર થયેલ ગણપતિનું સ્થાપન કરી ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી.

વલસાડ જિલ્લાનાં કપરાડા તાલુકા અને દાદરા નગર હવેલીમાં ગણેશ ઉત્સવ પ્રસંગે સ્વામિનારાયણ જ્ઞાનપીઠ સલવાવે દ્વારા કુલ 211 યુવા મંડળોને ગણેશજીની મૂર્તિ વિતરિત કરવામાં આવી હતી.

અમદાવાદમા સહજાનંદ કોલેજ ખાતે ગણેશ મહોત્સવનો પ્રારંભ કરાયો હતો

**(બાઈટ – આનંદ દોશી, આયોજક)**

બનાસકાંઠા જિલ્લામાં દિયોદરમાં ગજાનંદ યુવક મંડળ દ્વારા ગણપતિ મંદિરે યજ્ઞ કરવામાં આવ્યો હતો, ગણપતિ મંદિર થી આઝાદ ચોક થઈ નગર ના વિવિધ માર્ગો પર શોભાયાત્રા નીકળી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે વિધિવત પૂજા અર્ચના કરી ગણપતિ બાપ્પાની સ્થાપના કરાઈ હતી, આ વર્ષે ઉજવણીમાં એનિમેશનના માધ્યમથી લોકોને પ્રહલાદ તથા હોળીકાની દંતકથાથી માહિતગાર કરાશે

..

# PARYUSHAN

રાજ્યભરમાં આજે જૈન સમુદાયના પવિત્ર ઉત્સવ પર્યુષણ પર્વની પૂજા અર્ચના અને ભક્તિ સાથે ઉજવણી કરવામાં આવી. ભાવનગરમાં જૈન સમાજના પર્યુષણ પર્વની સમાપ્તિ નિમિત્તે આજે પૂજન-અર્ચન અને પ્રવચનો યોજાયા હતા.પર્યુષણ પર્વ નિમિત્તે ભાવિકોએ ઉપવાસ રાખી આરાધના કરી હતી. સંવત્સરી પર્વ નિમિત્તે સાંજે પ્રતિક્રમણ કરી દેરાસરોમાં મોટી સંખ્યામાં લોકોએ ભગવાનની પૂજા કરી , એકબીજાને મિચ્છામી દુક્કડમ પાઠવી ક્ષમાપના દર્શાવી હતી.

તો ભરૂચમાં પણ પર્યુષણના પર્વની ઉજવણી કરવામા આવી હતી.

પર્યુષણના અંતિમ પડાવ તરીકે આજે સૌથી મોટું પ્રતિક્રમણ હતું. પ્રતિક્રમણ બાદ જૈન સમાજના શ્રાવક- શ્રાવિકાઓ , સંબંધીઓ, કુટુંબીજનો તથા મિત્રોએ એક બીજાને મિચ્છામી દુક્કડમ કહીને ક્ષમા માગી હતી.

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ આવતીકાલે ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છોટાઉદેપુર , નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, અને દાદરા નગરહવેલીમાં આવતીકાલે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દરમિયાન 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે ત્યારે આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક
ડો. એ. કે. દાસે જણાવ્યુ હતું.

**(બાઈટ : ડો.એ.કે.દાસે, નિયામક, હવામાન વિભાગ)**

. .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 125મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકે છે. આગામી કડી માટે સૂચનો 29 ઑગસ્ટ સુધી સ્વીકારવામાં આવશે.

. . . . . .

# VGRC

ઉત્તર ગુજરાત આગામી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો- VGRCમાં નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે પોતાનું નેતૃત્વ પ્રદર્શિત કરવા માટે સજ્જ છે. આગામી સમયમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો ગુજરાતના હરિત ઊર્જાના નેતૃત્વને ઉજાગર કરશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે આ પરિષદોમાં રાજ્યના હરિત ઊર્જા અભિયાનને કેન્દ્રસ્થાને રખાશે. VGRC રાજ્યના ઝડપથી વિકસી રહેલા નવીનીકરણીય ઊર્જા માળખામાં રોકાણની તકો, ટેક્નોલોજી ભાગીદારી અને નીતિગત નવીનતા શોધવા માટે હિસ્સેદારોને એક ગતિશીલ મંચ પૂરું પાડશે.

આ પરિષદો રાજ્યની હરિત ઉર્જા પહેલો જેવી કે , મોટા પાયાના રિન્યુએબલ એનર્જી પાર્ક્સ, ઓફશોર વિંડ પ્રોજેક્ટ્સ, વિતરિત સૌર ઊર્જાની પહેલો , તેમજ ઊર્જા જરૂરિયાતો અને ક્લાઇમેટ સંબંધિત પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે વિકસિત કરવામાં આવી રહેલા આધુનિક ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ઉજાગર કરશે.

. . . .